શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનું મુખપત્ર

RNI No. GUJGUJ/2002/7890

# દિશાવાળ સૌરભ

કાર્યાલય : શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ, 'ઓજસ ભવન' સ્ટેટ બેંક સામે, આસ્ટોડિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ટ્રસ્ટ રજી નં. : A/3567

● સ્થાપના વર્ષ : ૧૯૯૯ ● વર્ષ : ૨૦૨૩ ● અંક : ૦૨ ● સળંગ અંક : ૨૧૭ ● મે ૨૦૨૩ ● કિંમત રૂા. ૩/-

## પરિણય સેતુ-૨૦૨૨ સફળતાની ઉજવણી



## विश्व स्वास्थ्य दिवस



जिंदगी को रखना
हो खुशहाल,
तो रखे स्वास्थ्य
का ख्याल ।

## विश्व पृथ्वी दिवस

जब हरी-भरी
पृथ्वी होगी,
तभी शांत-स्वस्थ
जनता होगी ।



MADHUKANT foundation

**કિરીટભાઈ કે. શાહ**
અમદાવાદ અને સાદરા
સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (SVVP), પ્રમુખ
સાદરા દશા દિશાવળ સહાયક મંડળ, પ્રમુખ

**સમાજના હોદ્દેદારશ્રી**

**દેવાંગ પી. દેસાઈ** - પ્રમુખ
(R) : 26608712 (M) 9409230043
**દેવાંગ કે. શાહ** - ઉપપ્રમુખ
(R) : 26671818 (M) : 9898191200
**અશોકભાઈ બી. શાહ** - ઉપપ્રમુખ
(M) : 9824011050
**દીપક સી. શાહ** - મંત્રી
(M) : 9898078379
**જીગ્નેશ એ. ભગત** - સહમંત્રી
(R) : 26821117 (M) : 9824019569
**શ્વેતલ એન. શાહ** - સહમંત્રી
(M) : 9825063439
**મિતેષ એમ. શાહ** - ખજાનચી
(R): 27472227 (M) : 9879010547

**ટ્રસ્ટીશ્રી**

જગદીશભાઈ શાહ
(M) 9925104088, 8849132409
પ્રમોદભાઈ આર. શાહ
(M) : 8401737072
કિરીટભાઈ કે. શાહ
(M) : 9824032835
અશ્વિનભાઈ કે. પરીખ
(M) : 9824082007

**મહિલા પાંખ હોદ્દેદારો**

સરલાબેન એ. શાહ - ચેરપર્સન
(M) : 9328210543
દક્ષાબેન એન. શાહ - પ્રમુખ
(M) : 9426424555
નીનાબેન જી. શાહ - ઉપપ્રમુખ
(M) : 9558249987
વીરલબેન આર. શાહ - મંત્રી
(M) : 9106875584
રેશ્માબેન એચ. શાહ - સહમંત્રી
(M) : 9227236446
બીજલબેન જે. ભગત - ખજાનચી
(M) : 9723819569

**સંપાદકીય કમિટી**

**સમાજના પ્રમુખશ્રી / મંત્રીશ્રી**
**હર્ષદ જે. શાહ** - તંત્રી
(M) : 9327057349
**ભરત એન. શાહ** - સહતંત્રી
(R) : 22891755 (M) : 9426404209
**સુનીલ બી. શાહ** - સહતંત્રી
(M) : 9376168924
**રૂપલ કે. શાહ** - સહતંત્રી
(M) : 9924132212
**ધીરેન બી. પરીખ** -કાનુની સલાહકાર
(M) : 9426265355

## પ્રમુખશ્રીની કલમે.....



**દેવાંગ પી. દેસાઇ**

પ્રિય સભ્ય મિત્રો
સાદર પ્રણામ,

મિત્રો, ૧૧માં લગ્નોત્સુક યુવક-યુવતિ પરિચય પસંદગી સંમેલન - પરિણય સેતુ ૨૦૨૨ ની ભવ્ય સફળતાએ શ્રી અમદાવાદ દિશાવાળ સમાજનું નામ રોશન કરેલ છે. સમગ્ર વૈષ્ણવ વણિક સમાજમાં આ સંમેલનની ઝળહળતી સફળતાના ગુણગાન ગવાય છે અને સંમેલનને સફળ બનાવવા કેવું વિઝન અને ટીમવર્ક જોઈએ તે માટે આપણા સમાજનો દાખલો અપાય છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

પરિણય સેતુ-૨૦૨૨ ની સફળતાના સહભાગી એવા સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને કાર્યકર્તાઓ તથા લેડીઝ વિંગની કમીટીના સભ્યો, આ સૌને બિરદાવવા અને આભાર વ્યક્ત કરવા તા. ૨૯-૦૪-૨૦૨૩ ના શનિવારના રોજ એક ગેટ ટુ ગેધર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ સહભાગીઓને પત્ની/પતિ સહિતનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. લગભગ ૧૦૦ જેટલી સંખ્યામાં સૌ આવ્યા હતા અને સરસ મજાના ડીનર સાથે ખૂબ આનંદ માણ્યો હતો.

આગામી દિવસોમાં આપ સૌના મનોરંજન તથા એકમેકથી પરિચય ના હેતુસર કાર્યક્રમોની વણઝાર આવી રહી છે. સૌ પ્રથમ તા. ૨૦-૦૬-૨૦૨૩ ના મંગળવાર રથયાત્રાના દિવસે ખૂબ જ સુંદર નાટક ''વિદેશી વહુ તને શું કહું'' ટાગોર હોલ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે યોજવામાં આવેલ છે. જેની માહિતી આ અંકના છેલ્લા પાને આપેલ છે.

ત્યારબાદ તા. ૧૫-૧૦-૨૦૨૩ ના રોજ નવરાત્રી ના પહેલા નોરતે રવિવારના રોજ નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન કરેલ છે. તેમજ દિવાળી બાદ ડિસેમ્બર મહિનામાં સમગ્ર દિશાવાળ સમાજના કુટુંબના સભ્યો માટે એક મેગા મિલન સમારોહનું આયોજન કરવા વિચારેલ છે. જેમાં મોટી સંખ્યામાં સૌ જોડાય અને સૌ સભ્ય ડિનર સાથે કાર્યક્રમનો આનંદ માણે. તેવું આયોજન કરવાનું નક્કી કરી રહ્યાં છીએ. આપ સૌના સાથ સહકારથી જ આ બધા કાર્યક્રમો સફળ કરી શકીશું.

આ બધા કાર્યક્રમોને સફળ બનાવવા અમો પણ ખૂબ જ જહેમત ઉઠાવીએ છીએ અને આપ સૌનો પણ સાથ મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ.

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજને હજુ પણ વધુ ઉંચાઈએ લઈ જવા અમો સૌ કટિબધ્ધ છીએ.

આભાર સહ...

જ્ઞાતિ મિત્રો,

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રહેલ છે અને ખૂબ જ સુંદર સમાજ ઉપયોગી કાર્યક્રમો કરે છે. તો આપણા સમાજના દરેક સભ્યોને લાભ મળે તે હેતુથી ઘટકના કારોબારી સભ્યો પોતાના ઘટકમાંથી વધુ ને વધુ સભ્યો બને તેમ પ્રયત્નો કરે જેથી સમાજના કાર્યક્રમોનો લાભ દરેક ઘટકના સભ્યોને મળે અને સમાજની ઉત્તરોઉત્તર પ્રગતિ થાય. સભ્ય થનાર દરેકને સમાજનું મુખપત્ર **'દિશાવાળ સૌરભ'** દર મહીને મોકલી આપવામાં આવે છે.

### શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ સભ્ય ફી

| | | | |
|---|---|---|---|
| ● આજીવન દાતા સભાસદ DM/DF | (₹ 10,000) | ● આજીવન મુરબ્બી સભાસદ MM/MF | (₹ 1,000) |
| ● આજીવન પેટ્રન સભાસદ PM/PF | (₹ 2,000) | ● આજીવન સામાન્ય સભાસદ GM/GF | (₹ 500) |
| ● કાયમી સંસ્થાકીય સભાસદ (જ્ઞાતિ સંસ્થા માટે) | (₹ 5,000) | ● આજીવન સહાયક સભાસદ SM/SF (બહારગામના સભ્યો માટે) | (₹ 500) |

સમાજનું મુખપત્રક **'દિશાવાળ સૌરભ'** દર મહીને પ્રસિધ્ધ થાય છે. તેમાં સમાજના સમાચારો તેમજ ખૂબજ ઉપયોગી માહિતી આપવામાં આવે છે. તેને વધારે સારું બનાવવા નાણાંની જરૂર પડે છે માટે તેમાં જાહેરાત આપી જ્ઞાતિ અને સમાજને મદદ કરે તેવી સંપાદીય કમીટિ દ્વારા અપીલ છે. તેમજ સારા સમાજ ઉપયોગી લેખો સંપાદક કમીટિને મોકલી આપવા વિનંતી.

# પરિણય સેતુ-૨૦૨૨ સફળતાની ઉજવણી

શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા આયોજીત ૧૧મું લગ્નોત્સુક યુવક-યુવતી પરિણય પસંદગી સંમેલન પરિણય સેતુ ૨૦૨૨ કે જે તા. ૨૫-૧૨-૨૦૨૨ ના રોજ પંડિત દિનદયાળ ઓડીટોરીયમ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ. તે પોગ્રામની સુચક સફળતાને વાગોળવા અને હોદ્દેદારો, કારોબારી સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓ અને સંલગ્ન જ્ઞાતિ ઘટકના શુભાષિશ અને સખત મહેનતને દાદ આપવા માટે કપલમાં એક ખાસ ગેટ ટુ ગેધરનું આયોજન તા. ૨૯-૪-૨૦૨૩ ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે **ક્લબ હાઉસ ગાલા વિલા એકવા, ગોકુલધામ, સનાથલ, સરખેજ-આણંદ હાઈવે, અમદાવાદ** મુકામે કરવામાં આવેલ.

દરેકની સ્થળ ઉપર લઈ જવાની અંગત કાળજી..... દરેક જ્ઞાતિ ઘટકના પ્રમુખ-મંત્રીને સ્નેહભર્યું આમંત્રણ..... કાર્યકર્તાઓને કપલમાં દરેકને આવવાનું આમંત્રણ..... કેરીના બાફલાનું સ્વાગત પીણું..... વધુમાં વધુ કાર્યકર્તાઓ સાથે સફળતાની ઉજવણીનું ધ્યેય..... આવનારા સમયમાં દરેક જ્ઞાતિ-ઘટકને સાથે રાખીને પ્રોગ્રામના આયોજનનું લક્ષ્ય..... બાબતોને ધ્યાને રાખીને ગેટ ટુ ગેધરનું આયોજન કરવામાં આવેલ.

મીઠા આવકારની સાથે માતાજીના જયઘોષ થકી ખૂબ જ ઉમળકાભેર સર્વેનું સ્વાગત મંત્રીશ્રી દીપકભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું અને કાર્યક્રમને સફળ બનાવનાર તમામ કાર્યકર-સભ્યો-હોદ્દેદારો-ટ્રસ્ટીશ્રીઓનો આભારમાની તાલીઓના ગડગડાટથી સર્વેના સહકારને વધાવ્યો હતો. પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈએ તમામને ઉમળકાભેર આવકાર આપેલ અને પરિણય સેતુ ૨૦૨૨ ની જવલંત સફળતા અપાવવા બદલ તમામનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. અગાઉના લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય પસંદગી સંમેલનની સફળતાની ઉજવણી તેઓના ફાર્મહાઉસ ઉપર કરેલ તે જ રીતે આ વખતના પરીણય સેતુ-૨૦૨૨ ની સફળતાની ઉજવણી પ્રસંગે તમામની કામગીરીને તાલીઓથી વધાવવામાં આવી હતી.

પ્રમુખશ્રી દેવાંગભાઈ દેસાઈએ સમાજના આગામી કાર્યક્રમ નાટ્યપ્રયોગ, નવરાત્રી ગરબા, ઈનામ વિતરણ, સમાજના સભ્યોનું મિલન સમારંભ વિગેરે વિગેરે.... ની ટુંકમાં માહિતી આપી તમામ જ્ઞાતિ ઘટકોનો સહકાર માંગ્યો હતો.

આ પ્રસંગે ખાસ હાજર રહેલ "દિશાવાળ રત્ન" શ્રી સૌરીનભાઈ પરીખે સમાજને એક કરવા ૫૦૦૦ થી ૭૦૦૦ જ્ઞાતિ સભ્યોનું મિલન સમારંભ-ભોજન સાથે ગોઠવવા આગ્રહભરી વિનંતી કરી હતી. સમાજના તમામ જ્ઞાતિજનો સુધી સંપર્ક સેતુ બનાવી વધુમાં વધુ સભ્યો સમાજમાં જોડાય તેવી અપીલ કરી હતી.

શ્રી સિધ્ધાર્થભાઈ શાહે સમાજ રચના અને દરેક જ્ઞાતિજન સુધી સમાજના કાર્યોનો લાભ પહોંચે અને દરેક જ્ઞાતિજન પગભર બને તેવા પ્રયાસો કરવા અનુરોધ કરેલ. સમાજમાં વિવિધ પ્રવૃત્તિઓ થકી દરેક વ્યક્તિએ પગભર કરવા ઉપર ભાર મુક્યો હતો અને તેમાં જ્યાં જરૂર પડશે ત્યાં તેઓ ખભે ખભા મિલાવી સમાજ સાથે ઉભા રહેશે તેવી હૈયાધારણ પણ આપી હતી.

મંત્રીશ્રી દીપકભાઈ શાહે સમાજના આગામી કાર્યક્રમ નાટ્યપ્રયોગના બે પ્રયોગ-તમામ જ્ઞાતિઘટકના સહકાર થકી યોજવાનો અનુરોધ કરેલ... દરેક જ્ઞાતિ સમાજની મહિલાઓને પગભર બનાવવા વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવા અને તેમાં દરેક જ્ઞાતિ-ઘટકનો સહયોગ મળશે તેવી વિનંતી કરી હતી. હાજર તમામના સકારાત્મક સુચનો મળેલ જે ઉપર ચર્ચા કરી હતી. ત્યારબાદ સૌ હાજર સભ્યો હાઉસીની રમત રમેલ અને તમામને ઈનામ સમાજ દ્વારા આપવામાં આવેલ. ત્યારબાદ સૌ સુંદર ભોજનની લિજ્જત માણીને સ્થળનું પ્રાકૃતિક સૌંદર્ય.... પક્ષીઓનો સુંદર ક્લબલાટ.... વરસાદી વાતાવરણ.... વાતાવરણની ઠંડક.... સુંદર આયોજન.... વાગોળતા રહેલ.... કાર્યક્રમને સફળ બનાવવા સ્થળની ગોઠવણી બદલ સહમંત્રી શ્રી શ્વેતલભાઈ શાહનો આભાર માનવામાં આવેલ. સૌ આનંદ વિભોર બની ઉજવણી વાગોળતા.... વાગોળતા છુટા પડ્યા હતા.

સંકલન : શ્રી દીપક શાહ - મંત્રી

# શ્રી અમદાવાદ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ દ્વારા યોજાયેલ માતાજીનો પાટોત્સવ

ઉપરોક્ત જ્ઞાતિના ઉપક્રમે તા. ૨-૦૪-૨૦૨૩ ને રવિવારેના રોજ સાંજે ૬.૩૦ વાગે શેઠશ્રી જીવણલાલ ચિનાઈ હોલ, અમદાવાદમાં માતાજી પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

સૌ પ્રથમ સાંજે ૬.૦૦ કલાકે શ્રી અનુજ સમીર શાહ અને તેઓના પત્ની શ્રીમતી અનીષા અનુજ શાહ અને જ્ઞાતિના ભાઈ-બહેનોએ માતાજીની પૂજા અર્ચના અને આરતી ઉતારી સમગ્ર જ્ઞાતિજનોની હાજરીમાં માતાજીનો જયનાદ કરી ધન્યતા અનુભવી હતી.

સદરહુ માતાજીના પાટોત્સવમાં શ્રીમતી વિનોદબાળાબેન મનુભાઈ શાહ અને સ્વ. દેવેનભાઈ મનુભાઈ શાહ અને પરિવારે રૂા. ૩૫,૦૦૦ જેવી માતબર રકમ આપી માતાજીનો પાટોત્સવ સ્પોન્સર કર્યો હતો. તેમજ સ્વ. સમીરભાઈ ચંદ્રકાન્તભાઈ શાહના સ્મરણાર્થે શ્રીમતી પ્રતિક્ષાબેન સમીરભાઈ શાહ પરિવાર તરફથી મગસ માટે રૂા. ૧૫,૦૦૦ જેવી માતબર ફાળો આપી ધન્યતા અનુભવી હતી. સદરહુ પાટોત્સવમાં ડેકોરેશન અને લાઈટિંગ વગેરેની વ્યવસ્થા વિનામૂલ્યે લકી ડેકોરેટર્સવાળા શ્રી રિકીનભાઈ રાજેશભાઈ સરૈયા એ આપી હતી. તે સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ હાજર રહેલા સૌ જ્ઞાતિજનોના માતાજીના પ્રસાદ માટે દૂધપાક, પુરી, પાંદડા, ખડખડિયા, કાજુ-કારેલાનું શાક, બટાકાનું શાક, કેરીનું શાક અને કઢી ભાત માટેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત જે જ્ઞાતિજનો ૭૫ વર્ષની ઉપરના અને અશક્ત હોય અને માતાજીના પાટોત્સવમાં ભાગ લઈ શકે તેમ ન હોય તેઓને ઘેર લઈ જવા પ્રસાદ તરીકે મગસના બોક્ષ આપવામાં આવ્યા હતા. આ પાટોત્સવમાં આશરે ૫૦૦ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

સદરહુ પાટોત્સવની સમગ્ર વ્યવસ્થા પ્રમુખશ્રી મયંકભાઈ સરૈયા, મંત્રી દિશાવાળ ગૌરવ જગદીશ શાહ, ખજાનચીશ્રી ધીરને પરીખ, ઉપપ્રમુખશ્રી નિલેશ સરૈયા, શ્રી સુબોધભાઈ શાહ, શ્રી સુનિલભાઈ શાહ, શ્રી નીરજ શાહ અને સમગ્ર કારોબારીના સભ્યોએ કરી હતી.

**સંકલન : દિશાવાળ ગૌરવશ્રી જગદીશચંદ્ર શાહ**

# શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ

૧. તા. ૮-૧૦-૨૦૨૨ ના રોજ જ્ઞાતિ દ્વારા પૂનમના ગરબાનું આયોજન કરવામાં આવેલું હતુ. તેમા વિવિધ કાર્યક્રમોમાં ભૂલકા બાળકો માટે ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન તથા મોટા લોકોનો ગીતો ગાવાનો કાર્યક્રમ તથા સ્ટોલ વેચાણ દિવાળીના માટે તથા **Live Party** કરવામાં આવી હતી. રાસ ગરબા માટે તેમાં અનેક ફેન્સી ડ્રેસ તથા સારા રાસ-ગરબા રમનાર બધાને વિવિધ ઈનામ આપવામાં આવેલ અને લાણી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમ ખૂબજ સારો ગયો હતો.

૨. શ્રી કડી દશા દિશાવાળ વણિક જ્ઞાતિ તરફથી દર વખતની જેમ આ વખતે મીઠાઈ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું અને મીઠાઈ કડી ગામના સૌરિનભાઈ પરીખના પિતાશ્રી જગદીશભાઈ પરીખે જાતે ઉભા રહી મીઠાઈ બનાવડાવી હતી અને તેનું વિતરણ તા. ૧૯-૧૦-૨૦૨૨ શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની ઓફિસમાંથી મીઠાઈ આપવામાં આવી હતી અને જ્ઞાતિ તરફથી શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના આભારી છે. આમા અમારા વડીલોએ સેવા આપેલી હતી. મીઠાઈ વિતરણનો સારો પ્રતિસાદ મળેલ છે.

૩. તા. ૧-૧-૨૦૨૩ ઈનામ વિતરણ તથા ઉજાણી દર વર્ષની જેમ આ વખતે એ ભૂદરપુરા પાર્ટી પ્લોટમાં કરવામાં આવેલ. તેમાં વિવિધ કાર્યક્રમો હતા. બ્લડ ડોનેશન કેમ્પ દિપ પ્રાગટ્ય, મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. નોટબુક-ચોપડીઓનું વિતરણ ધોરણ ૦ થી ૪ ભૂલકાઓને ફ્રી ગીફ્ટ તથા સહાય યોજના માટેનું ડેકલેરેશન તથા ધોરણ ૫ થી કોલેજમાં ભણતા બધાને ટ્રોફી આપવામાં આવી. સાંસ્કૃતિક કાર્યક્રમ અને જ્ઞાતિ તરફથી જમણવાર માણી આનંદથી બધા છુટા પડ્યા.



૪. ઉજાણીનો કાર્યક્રમ શ્રી કડી દશા દિશાવાળ ઉત્કર્ષ મંડળ તરફથી કડી ગામમા ચૈત્ર સુદ-૧૦ ના રોજ ગોપાલલાલજી મંદિરમાં આ કાર્યક્રમ કર્યો હતો. તેમાં જ્ઞાતિના દરેક વ્યક્તિઓ આવેલ હતા. આ વખતે કડીમાં વસતા ત્રણ જ્ઞાતિના લોકોને ભેગા કરી ઊજાણી કરી હતી.

૫. જ્ઞાતિ તરફથી આ વખતે દ્વારકેશલાલજી કડી દ્વારા લિખિત તથા તેવો એ જ બહાર પાડેલ ત્રણ ગ્રંથો જેની કિંમત **Rs. 400/-** હતી પણ શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ તરફથી નિઃશુલ્ક ઘેરઘેર પહોંચાડી હતી.


૬. જ્ઞાતિ તરફથી દર વખતની જેમ આ વર્ષે પણ મસાલા વિતરણ કરેલ છે. જેને સારો પ્રતિસાદ મળેલ છે. જેની ફ્રી હોમ ડીલીવરી કરવામાં આવી હતી.

# શ્રી અમદાવાદ નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ

## શ્રી સિદ્ધાંબિકા માતાજીની ઉજાણીનો અહેવાલ

શ્રી અમદાવાદ નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ મંડળ દ્વારા શ્રી સિદ્ધાંબિકા માતાજી ની ઉજાણી તા.૩૧-૦૩-૨૦૨૩ ને શુક્રવાર સાંજે રાઈફલ ક્લબ, કામા હોટલ પાસે, ખાનપુર, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. મંડળ ના ૩૫૦ (ત્રણસો પચાસ) સભ્યોની હાજરીથી પ્રસંગની શોભામાં વધારો થયો હતો.

ઉજાણી પ્રસંગ કાર્યક્રમની શરૂઆત માતાજીનાં ફોટા પાસે દીપ પ્રાગટ્ય કરીને શરૂઆત કરવામાં આવી હતી. ટ્રસ્ટ ના ચેરમેન શ્રી ''દિશાવાળ ગૌરવ'' શૈલેષભાઈ સી શાહ, મંડળના પ્રમુખ શ્રી મુકેશભાઈ પી. શાહ, ઉપપ્રમુખશ્રી દીપકભાઈ તથા મંત્રીશ્રી ધર્મેશભાઈ શાહ, ખજાનચી કેતનભાઈ પરીખ, પૂર્વપ્રમુખ શ્રી ઉમેશભાઈ શાહ, ઉજાણીના દાતાશ્રી મધુસુદનભાઈ શાહ તેમજ શ્રી નવગામ સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ શાહ તથા શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના ઉપપ્રમુખ શ્રી ''દિશાવાળ ગૌરવ'' અશોકભાઈ શાહ દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ. પ્રમુખ શ્રી મુકેશભાઈ પી. શાહે સ્વાગત પ્રવચનમાં દરેક હાજર સભ્યોને મંડળ વતી હૃદયપૂર્વક આવકાર્યા હતા અને મોટી સંખ્યામાં સભ્યઓની હાજરી અને ઉત્સાહ જોઈને દરેક નો આભાર વ્યક્ત કરેલ હતો. સર્વે જ્ઞાતિજનોને કાર્યક્રમની શરૂઆત સાથે વેલકમ ડ્રિંકના દાતાશ્રી ધનવંતભાઈ શાહ દ્વારા વેલકમ ડ્રિંક આપીને ગરમીના વાતાવરણમાં સૌને ઠંડા કર્યા હતા.



ત્યારબાદ ઉજાણી સમારોહના દાતાશ્રી મધુસુદનભાઈ માણેકલાલ શાહ પરિવાર દ્વારા માતાજીની છબી સામે સમગ્ર જ્ઞાતિજનો સાથે માતાજીનો થાળ અને આરતી કરી હતી. ઉજાણી પ્રસંગે દાતાશ્રી પરિવાર તરફથી રૂા.૫૧,૦૦૦/- ની ભેટ મંડળને મળી હતી. મંડળ વતી પ્રમુખશ્રીએ મોમેન્ટો આપીને તથા મંત્રીશ્રીએ શાલ ઓઢાડીને દાતાશ્રી પરિવારનું સન્માન કર્યું હતુ અને આભાર વ્યક્ત કરેલ હતો. શ્રી અમદાવાદ દિશાવાળ સમાજના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ શાહે માતાજીની ઉજાણી માટે રાઈફલ ક્લબ માત્ર ટોકન રકમ લઈને મંડળને વાપરવા માટે આપેલ હતી. તો આ પ્રસંગે તેમનું પણ ઉપપ્રમુખ શ્રી દીપકભાઈ શાહ દ્વારા મોમેન્ટો અને ખજાનચીશ્રી કેતનભાઈ પરીખ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સર્વે જ્ઞાતિજનોને માતાજીનો પ્રસાદ (ભોજન) સમૂહમાં લીધો હતો અને સાથે-સાથે અમદાવાદ નવગામ રાઈસિંગ સ્ટારના કન્વીનર શ્રી ધવલભાઈ શાહ તેમજ શ્રી અજયભાઈ શાહ દ્વારા ભોજન સાથે કરાઓકે ઉપર ગીતોની રમઝટ બોલાવી હતી. ભોજન બાદ સમાજના યુવા જોડા શ્રી પરિનભાઈ અને શ્રીમતી ચાર્મીબેન દ્વારા સમાજના સભ્યો માટે હાઉસીની રમતનું આયોજન કરેલ હતું. જેને સૌ સભ્યોએ આનંદ સાથે માણેલ હતું.

મંત્રીશ્રી ધર્મેશભાઈ શાહે પ્રોગ્રામને સફળ બનાવવામાં મદદ અને મહેનત કરનાર સર્વે કારોબારી કમીટી સભ્યોનો આભાર માન્યો હતો અને ફરી મળવાના મજબૂત ઈરાદા સાથે સૌ છુટા પડ્યા હતા.

સંકલન : શ્રી ધર્મેશ ગોવિંદભાઈ શાહ (મંત્રીશ્રી)

# શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ દ્વારા ચિંતન શિબિર



શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ દ્વારા એક યુવા ચિંતન શિબિરનો કાર્યક્રમ શ્રી બાલકૃષ્ણ હવેલી, મણિનગર મુકામે યોજાઈ ગયો. જેમાં સમાજના યુવાનોને સ્ટેજ આપવામાં આવ્યું હતું અને તેના દ્વારા યુવાનોએ તેમના મૌલિક વિચારો રજૂ કર્યા હતા.

આ ચિંતન શિબિર શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ આયોજીત આગામી યુવા જ્ઞાતિ સંગ-૨૦૨૩ ના અનુસંધાને યોજવામાં આવી હતી.

# શ્રી દશા દિશાવાળ વણિક જ્ઞાતિ અમદાવાદ ઘટક (નાપા નડિયાદ)

## શ્રી સિધ્ધામ્બીકા માતાજીની ઉજાણીનો અહેવાલ



ચૈત્ર સુદ દશમનો દિવસ આપણા સૌના કુળદેવી શ્રી સિધ્ધાંમ્બીકા માતાજી ના પાટોત્સવનો દિવસ આ વર્ષે પણ શ્રી સિધ્ધામ્બીકા માતાજીની ઉજાણી દર વર્ષની જેમ ખૂબ જ હર્ષ ઉલ્લાસથી ઉજવણી કરી.

સવારે સદમાતાની પોળમાં આપણા કુળદેવી શ્રી સિધ્ધામ્બીકા માતાજીના શણગાર, આરતી, પ્રસાદ સૌ કારોબારી મિત્રોની હાજરીમાં થઈ હતી અને સાંજે લગભગ ૩૦૦ માણસની હાજરીમાં પીકનીક હાઉસ કાંકરિયા ખાતે ખુશનુમાન વાતાવરણમાં યોજાઈ હતી. નવી ટીમ, નવા ઉત્સાહમાં નવા વરાયેલા પ્રમુખ શ્રી મિતેષભાઈ એમ. શાહના નેતૃત્વમાં કારોબારી ની મીટીંગ યોજાઈ ગઈ. એમા ખૂબ જ સરસ નવી મહિલાપાંખની રચના થઈ. ઉજાણીની શરૂઆતમાં શ્રી સિધ્ધામ્બીકા માતાજીની આરતી સાથે સૌ જ્ઞાતિબંધુએ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને ત્યારબાદ નવા વરાયેલા પ્રમુખશ્રી મિતેષભાઈ એમ. શાહ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને જ્ઞાતિને મજબૂત બનાવવા માટે ની પહેલ કરવામાં આવી. ત્યારબાદ નવી ટીમની જાહેરાત થઈ અને નવા ચહેરાને સૌ જ્ઞાતિજનોએ પ્રેમની મહોર મારી વધાવી લીધી. જે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| મિતેષભાઈ એમ. શાહ | (પ્રમુખ) | જીતેન્દ્રભાઈ એ. શાહ | પરાગભાઈ એમ. શાહ |
| શ્વેતલભાઈ એન. શાહ | (ઉપપ્રમુખ) | અમૃતલાલ આર. શાહ | સમીરભાઈ આર. શાહ |
| હર્ષદભાઈ જે. શાહ | (મંત્રી) | ડીમ્પલભાઈ સી. શાહ | વનજ્યોત્સનાબેન એન. શાહ |
| સુનિલભાઈ બી. શાહ | (સહમંત્રી) | કીરણભાઈ ડી. શાહ | સ્નેહલત્તાબેન એમ. શાહ |
| કવિતભાઈ ડી. શાહ | (ખજાનચી) | ચિન્ટુભાઈ પી. શાહ | શ્વેતલબેન કે. શાહ |
| દેવાંગભાઈ જે. શાહ | (સહ ખજાનચી) | | |

મંત્રીશ્રી હર્ષદભાઈ શાહ દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

ત્યારબાદ સૌ જ્ઞાતિજનોએ પ્રેમથી પ્રસાદ ગ્રહણ કર્યો અને આનંદથી સૌ છુટા પડ્યા.

## શ્રી અમદાવાદ દિશાવાળ સમાજની તા. ૧૧-૪-૨૦૨૩ ના રોજ મેળલ હોદ્દેદારોશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓની મીટીંગમાં મહિલાપાંખની કારોબારી કમીટીની રચના નીચે મુજબ કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| સરલાબેન એ. શાહ | રાજુબેન ડી. શાહ | નિમિષાબેન એ. ગાંધી |
| દક્ષાબેન એન. શાહ | ઈલાબેન આર. મુનશી | મનીષાબેન પી. પરીખ |
| કૈલાસબેન જી. શાહ | ચારુબેન પી. શાહ | હર્ષિદાબેન શાહ - સાદરા |
| નીનાબેન જી. શાહ | છાયાબેન એસ. શાહ | હેતલબેન શાહ - સાદરા |
| કિશોરીબેન એસ. માણકીવાલા | વિરલબેન આર. શાહ | રુપલબેન શાહ - ડાકોર |
| સુનિતાબેન વી. શાહ | બીજલબેન જે. ભગત | પારુલબેન ડી. શાહ |
| પ્રફુલાબેન વી. શાહ | રેશ્માબેન એચ. શાહ | સંગીતાબેન ડી. શાહ |
| | રંજનબેન ડી. શાહ | |

## સર્વાનુમતે નીચેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

| | |
|---|---|
| સરલાબેન એ. શાહ - ચેરપર્સન | વિરલબેન આર. શાહ - મંત્રી |
| દક્ષાબેન એન. શાહ - પ્રમુખ | રેશ્માબેન એચ. શાહ - સહમંત્રી |
| નીનાબેન જી. શાહ - ઉપપ્રમુખ | બીજલબેન જે. ભગત - ખજાનચી |

તમામ હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન.....

દેવાંગ દેસાઈ
પ્રમુખશ્રી

દીપક શાહ
મંત્રીશ્રી

# મહિલા પાંખ દ્વારા ધાર્મિક પ્રવાસનું આયોજન



તા. ૨૮-૦૨-૨૦૨૩, મંગળવાર અમદાવાદ દિશાવાળા મહિલા પાંખ તરફથી પિકનિક પ્રવાસનું આયોજન કર્યું હતું તે પ્રમાણે સવારે ૪.૩૦ વાગ્યે કર્ણાવતી ની ટ્રાવેલ બસ દ્વારા ઈસનપુર થી ઉપડી નહેરુનગર થઈ બહેનોને લઈને અમારી ૫૬ પેસેન્જરની બસ યમુનાષ્ટકના પાઠ, સ્તુતિ, આરતી, ગાતા-ગાતા લગભગ સવારે ૭.૦૦ વાગ્યે બગોદરા મોગલ માતાના મંદિરે પહોંચ્યા. સવારના સુંદર ઠંડા વાતાવરણમાં માતાના સરસ દર્શન કર્યા. પછી ત્યાં સવારની ગરમા ગરમ ચ્હા અન મસાલા પુરીનો નાસ્તો કરી ત્યાંથી તરત જ ચોટીલા ચામુંડા માતાના મંદિરે પહોંચ્યા, જ્યાં જે બહેનો ઉપર ચઢી દર્શન કરી શકે તે ઉપર ગયા બાકીનાએ નીચે માતાજીના દર્શન કરી બપોરે મોહનથાળ, મગ બટાકા વડા, શાક, કચુંબર, દાળ, ભાત જમીને ત્યાંથી સીધા વીરપુર જલારામ મંદિરે પહોંચ્યા. બપોરની ચ્હા નો જલારામ મંદિરમાં જ પ્રસાદ લીધો. શોખીન બહેનોએ થોડી ખરીદી કરી, ત્યાંથી અમો ખોડલધામ ખોડલ માતાના મંદિરે જવા નીકળ્યા. રસ્તામાં દક્ષાબેન તરફથી આપેલ કોલ્ડ્રિંક્સ અને નાસ્તો કરી અંતાક્ષરી, શેરબજાર ગેમ રમ્યા તથા ગીતો ગાતા-ગાતા ધમાલ કરતા ખોડલધામ પહોંચ્યા. વિશાળ જગ્યામાં માં ખોડલનું મંદિર ખુબ સરસ લાગતું હતું. ત્યાં બધા આરામથી બેઠા ફોટા પડાવ્યા અને લગભગ સાતેક વાગ્યે ત્યાંથી ફરી ચોટીલા જવા નીકળ્યા. જ્યાં અમારું સાંજનું જમવાનું તૈયાર હતું. ત્યાંથી સાંજે ખીચડી, શાક અને કઢી જમીને અમદાવાદ આવવા રવાના થયા. રાતની ઠંડી હવામાં મજા કરતા લગભગ સવારે ચાર વાગ્યે સુખરુપ અમદાવાદ આવી પહોંચ્યા. સૌના સાથ અને સહકારથી અમારો પ્રવાસ ખૂબ સુંદર રીતે પૂરો થયો.

**સંકલન - દક્ષાબેન શાહ, પ્રમુખ**

# મહિલા પાંખ દ્વારા સ્પોર્ટ્સ-ડે અને દાબડા ઉજાણી



તા. ૨૧-૦૩-૨૦૨૩, મંગળવાર બપોરે ૩.૩૦ વાગ્યે કાંકરિયા વન ટ્રી હિલ ગાર્ડનમાં 'મહિલા પાંખ' આયોજીત સ્પોર્ટ્સ ડે અને દાબડા ઉજાણી રાખવામાં આવી હતી. ઘટાદાર વૃક્ષો અને ઠંડા પવનમાં બહેનોએ ત્રણ ગેમમાં ભાગ લીધો હતો. સૌ પ્રથમ ચ્હા પાણી પીને ગેમ રમવાની શરૂઆત કરી હતી.

**ગેમ નં. - ૧ લીંબુ ચમચી**

જેમાં બે ભાગ પાડવામાં આવ્યાં હતા.

ભાગ-૧ જેમાં ૬૦ વર્ષથી ઉપર

ભાગ-૨ જેમાં ૬૦ વર્ષથી નીચે

**ગેમ નં. - ૨ પાસિંગ ધ પાસ**

**ગેમ નં. - ૩ સિલેક્ટ સીટી ગ્રુપ ગેમ**

દરેક ગેમમાં પ્રથમ અને દ્વિતીય બે ઈનામો આપવામાં આવ્યા હતા જેમાં પ્રથમ ઈનામ રૂા. ૨૫૦ દક્ષાબેન એન. શાહ તરફથી અને બીજું ઈનામ રૂા. ૨૦૦ સરલાબેન તરફથી આપવામાં આવ્યા હતા.

ગેમ નં. - ૧ જેમાં ૬૦ વર્ષથી ઉપરમાં પ્રથમ ઈનામ કૈલાસબેન અજયભાઈ શાહ અને દ્વિતીય ઈનામ કૈલાશ જી. શેઠ ને આપવામાં આવ્યા હતા.

ભાગ-૨ જેમાં ૬૦ વર્ષથી નીચેના માં પ્રથમ ઈનામ નિમિષાબેન એ. ગાંધી અને દ્વિતીય ઈનામ વિરલબેન આર. શાહ ને આપવામાં આવ્યા હતા.

ગેમ નં. - ૨ પાસિંગ ધ પાસમાં પ્રથમ ઈનામ ઈલાબેન મુનશી અને દ્વિતીય ઈનામ પ્રફુલાબેન મહેતા ને આપવામાં આવ્યા હતા.

ગેમ નંબર - ૩ સિલેક્ટ સીટી ગ્રુપ ગેમમાં પ્રથમ ઈનામ સિદ્ધિબેન મહેતા અને દ્વિતીય ઈનામ કોકીબેન સરૈયાને આપવામાં આવ્યા હતા.

બધા ઉત્સવ પૂર્વક ગેમ રમી અને સાથે દાબડા ઉજાણી ની મજા માણી લગભગ ૬.૩૦ વાગ્યા પછી બધા છૂટા પડ્યા જય શ્રીકૃષ્ણ

**સંકલન - દક્ષાબેન શાહ, પ્રમુખ**

# શ્રી સિધ્ધામ્બિકા દિશાવાળ સંઘ,જૂનાડીસા

## દિશાવાળ જયોતિ / સૌરભનું મેટર એપ્રિલ–૨૦૨૩

**શ્રીમતિ ઈન્દુમતિ સુરેન્દ્રભાઈ નાનાલાલ પરીખ અતિથિભવનમાં એપ્રિલ–૨૦૨૩ દરમ્યાન ૪૫૦ યાત્રાળુઓએ લાભ લીધો હતો**

**શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ ભોજનાલય, જૂનાડીસામાં એપ્રિલમાં સવાર સાંજ થઈને સાદા ભોજનનો કુલ ૬૨૦ યાત્રાળુઓએ લાભ લીધો હતો તથા મિષ્ઠાન ભોજનનો કુલ ૪૧૬ યાત્રાળુઓએ ભોજનનો લાભ લીધો હતો**

| NO. | AMOUNT | DONOR'S NAME | RECPT NO. | DATE | PLACE |
|---|---|---|---|---|---|
| | **શ્રી માતાજી રાજભોગ ભેટ ફંડ** | | | | |
| 1 | 1,500 | શ્રી અતુલભાઈ સરૈયા એન્ડ ફેમેલી | 2126 | 16-04-2023 | મુંબઈ |
| 2 | 1,500 | શ્રી શૈલેષભાઈ સી. શાહ | 2148 | 29-04-2023 | અમદાવાદ |
| | **શ્રી નિભાવ ભેટ ફંડ** | | | | |
| 1 | 1,001 | શ્રીમતી કોકીલાબેન આર.શાહ | 45 | 04-04-2023 | વડોદરા |
| 2 | 1,001 | શ્રી સતીષભાઈ ચીમનલાલ પરીખ | 103 | 12-04-2023 | અમદાવાદ |
| 3 | 1,000 | શ્રી ભાવીકભાઈ શાહ | 31 | 03-04-2023 | લાઘણજ |
| 4 | 1,000 | શ્રી કેતનભાઈ ચંદ્રવંદન પરીખ | 87 | 09-04-2023 | મુંબઈ |
| | **શ્રી નવગામ દશા દિશાવાળ વણિક જ્ઞાતિ સમાજ ભોજનાલય ફંડ** | | | | |
| 1 | 10,001 | શ્રીમતી સુર્યકાંતાબેન ચંદુલાલ શાહ | 42 | 04-04-2023 | પેટલાદ |
| 2 | 5,000 | સવ.ચંદ્રકાંતભાઈ પુષ્પાબેન એન્ડ નિરંજનભન.શાહ | 2109 | 05-04-2023 | મુંબઈ |
| 3 | 2,501 | શ્રીમતી અંજનાબેન દિનેશચંદ્ર પરીખ | 129 | 16-04-2023 | અમદાવાદ |
| 4 | 2,100 | સ્વ.કનૈયાલાલ ચીમનલાલ શાહ હસ્તે.શ્રી અર્ચન કે.શાહ | 156 | 23-04-2023 | અમદાવાદ |
| 5 | 2,100 | શ્રીમતી મંજુલાબેન રજનીકાંતભાઈ મોદી | 189 | 28-04-2023 | અમદાવાદ |
| 6 | 2,000 | શ્રી અશ્વિનભાઈ દેસાઈ | 106 | 12-04-2023 | ઉજજૈન |
| 7 | 1,100 | શ્રી ઓમપ્રકાશ નારણદાસ દેસાઈ | 178 | 26-04-2023 | મુંડી |
| 8 | 1,001 | શ્રી હર્ષદભાઈ બુરાનપુરી | 21 | 02-04-2023 | પાલનપુર |
| 9 | 1,000 | શ્રીમતી સવીતાબેન દશરથલાલ પરીખ | 29 | 02-04-2023 | અમદાવાદ |
| 10 | 1,000 | શ્રી એલ.ડી.રાબડીયા એન્ડ ફેમેલી | 38 | 03-04-2023 | માંડવી |
| 11 | 1,000 | શ્રી આનંદભાઈ સૌરભભાઈ ભટ્ટ એન્ડ ઉષાબેન ભટ્ટ | 120 | 15-04-2023 | હૈદરાબાદ |
| 12 | 1,000 | શ્રીમતી સવીતાબેન દશરથલાલ પરીખ | 168 | 23-04-2023 | અમદાવાદ |
| | **શ્રી માતાજીને ભેટ ફંડ** | | | | |
| 1 | 1,100 | શ્રીમતી ભુમીબેન સુનિલભાઈ શાહ | 203 | 30-04-2023 | મુંબઈ |
| 2 | 1,001 | શ્રી મનીષભાઈ પી. શાહ | 20 | 02-04-2023 | પેટલાદ |
| 3 | 1,001 | સ્વ.શર્મિષ્ઠાબેન રસિકલાલ પરીખ | 54 | 06-04-2023 | પાટણ |
| 4 | 1,001 | શ્રી નગીનભાઈ સી.મજમુદાર | 183 | 27-04-2023 | સાવલી |
| 5 | 1,001 | શ્રી શૈલેષભાઈ શંકરલાલ સેવાણી | 2104 | 02-04-2023 | ડાકોર |
| 6 | 1,000 | શ્રી મનુભાઈ નટવરલાલ દેસાઈ | 36 | 03-04-2023 | ડાકોર–વડોદરા |
| 7 | 1,000 | શ્રી સુરત દિશાવાળ સમાજ | 100 | 10-04-2023 | સુરત |
| | **શ્રી માતાજી ભંડારા ફંડ** | | | | |
| 1 | 3,100 | શ્રી યલો ગિફ્ટ | 204 | 30-04-2023 | મુંબઈ |
| 2 | 1,001 | શ્રી વિર નિશીત શાહ | 197 | 29-04-2023 | લાઘણજ |
| | **શ્રી નવચંડી હવન ફંડ** | | | | |
| 1 | 15,000 | શ્રી મનુભાઈ નટવરલાલ દેસાઈ | 34 | 03-04-2023 | વડોદરા |
| 2 | 15,000 | શ્રી અશોકભાઈ રમણલાલ મોદી | 108 | 13-04-2023 | પાલનપુર |
| 3 | 15,000 | શ્રી નીલધાઈ રાજેશભાઈ શાહ | 2106 | 02-04-2023 | અમદાવાદ |
| | **શ્રી સાદા હવન ફંડ** | | | | |
| 1 | 5,000 | શ્રી બંસીકુમાર સી. શાહ | 92 | 09-04-2023 | અમદાવાદ |
| 2 | 5,000 | શ્રી ઓમપ્રકાશ નારણદાસ દેસાઈ | 178 | 26-04-2023 | મુંડી |
| 3 | 5,000 | શ્રી અનિલકુમાર રતીલાલ | 2110 | 05-04-2023 | વડોદરા |
| 4 | 5,000 | શ્રી કેતનભાઈ પી. પરીખ | 2130 | 17-04-2023 | પાટણ |
| | **શ્રી માતાજી રંગ–રોકાણ ફંડ** | | | | |
| 1 | 1,25,500 | શ્રી હેમંતભાઈ વી. પરીખ | 2122 | 10-04-2023 | મુંબઈ |
| 2 | 1,25,500 | શ્રી મેહુલભાઈ વી. પરીખ | 2128 | 16-04-2023 | મુંબઈ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | **શ્રી આર્થિક સહાય ફંડ** | | | | |
| 1 | 15,000 | સ્વ.ભીખુભાઈ પરસોતમભાઈ શાહ | 2146 | 27-04-2023 | ડાકોર |
| 2 | 15,000 | સ્વ.ચંદ્રકાંતાબેન ભીખુભાઈ શાહ | 2147 | 27-04-2023 | ડાકોર |
| 3 | 5,500 | શ્રી દિયાબેન પૂજનભાઈ પરીખ | 76 | 08-04-2023 | મુંબઈ |
| | **શ્રી અનાજ સહાય ફંડ** | | | | |
| 1 | 17,600 | શ્રી સિધ્ધાર્થભાઈ પરેશભાઈ જાની | 2136 | 18-04-2023 | મુંબઈ |
| 2 | 10,000 | શ્રીમતી હંસાબેન બાલમુકુન્દ મોદી | 2135 | 17-04-2023 | વડોદરા |
| 3 | 5,100 | શ્રી કે.કે.રાબડીયા એન્ડ ફેમેલી | 37 | 03-04-2023 | માંડવી |
| | **શ્રી કાયમી અનાજ સહાય ફંડ** | | | | |
| 1 | 2,00,000 | શ્રી કે. નટવરલાલ એન્ડ કંપની | 2131 | 17-04-2023 | મુંબઈ |
| 2 | 2,00,000 | શ્રી ભારતીબેન એન. શાહ | 2132 | 17-04-2023 | મુંબઈ |
| 3 | 2,00,000 | શ્રી વિજયભાઈ એન.શાહ | 2133 | 17-04-2023 | મુંબઈ |
| 4 | 2,00,000 | શ્રી માલતીબેન એન.શાહ | 2134 | 17-04-2023 | મુંબઈ |
| 5 | 1,00,000 | શ્રી સિધ્ધી રશેષ પ્રતાફ | 2121 | 09-04-2023 | મુંબઈ |
| | **શ્રી માતાજીને વસ્તુદાન ભેટ–સોનાની/ચાંદીની/ઈમીટેશન** | | | | |
| 1 | 2,700 | શ્રી કેતનભાઈ શાહ ચાંદીની પાયલ સેટ | 526 | 29-04-2023 | સુરત |
| 2 | 1,500 | શ્રી આલોકભાઈ દેસાઈ ઈમીટેશન હાર–૧,સેટ–૧ | 527 | 30-04-2023 | અમદાવાદ |
| 3 | 1,040 | શ્રી દિવ્યભાઈ વિરલભાઈ શાહ ઈમીટેશન મંગળસુત્ર,પાયલ,બંગડી | 525 | 28-04-2023 | આણંદ |

**એપ્રિલ–૨૦૨૩ માસમાં માતાજીના ભાવિક ભકતો તરફથી માતાજીને રૂા.૧૦૦૦/– થી ઉંચી કિંમતની ૧૬ સાડી અંગિકાર કરવામાં આવી હતી.**

## * માંગલિક પ્રસંગો

(૧) ચૈત્ર સુદ–૧૨ તા.૦૨–૦૪–૨૦૨૩ના રોજ શ્રી નીલભાઈ રાજેશભાઈ શાહ, અમદાવાદ તરફથી નવચંડી હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે પોતે તથા તેમના પરીવારના ૩૦ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૨) ચૈત્ર સુદ–૧૩ તા.૦૩–૦૪–૨૦૨૩ના રોજ શ્રી મનુભાઈ નટવરલાલ દેસાઈ, વડોદરા તરફથી નવચંડી હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે પોતે તથા તેમના પરીવારના ૨૪ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૩) ચૈત્ર સુદ–૧૩ તા.૦૪–૦૪–૨૦૨૩ના રોજ શ્રી બાપુજી પરિવાર, મુંબઈ તરફથી સાદો હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે પોતે તથા તેમના પરીવારના ૧૩ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૪) ચૈત્ર સુદ–૧૪ તા.૦૫–૦૪–૨૦૨૩ના રોજ શ્રી અનીલકુમાર રતીલાલ શાહ, વડોદરા તરફથી સાદો હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે પોતે તથા તેમના પરીવારના ૨૨ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૫) ચૈત્ર સુદ–૧૫ તા.૦૬–૦૪–૨૦૨૩ના રોજ શ્રીમતી રૂપાબેન દીપકભાઈ પરીખ, મુંબઈ તરફથી પ્રતિક વાર્ષિક નવચંડી હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે પોતે તથા તેમના પરીવારના ૦૨ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૬) ચૈત્ર વદ–૩ તા.૦૯–૦૪–૨૦૨૩ના રોજ શ્રી બંસીકુમાર સી. શાહ, અમદાવાદ તરફથી સાદો હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે પોતે તથા તેમના પરીવારના ૨૫ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૭) ચૈત્ર વદ–૭ તા.૧૩–૦૪–૨૦૨૩ના રોજ શ્રી અશોકભાઈ રમણલાલ મોદી, પાલનપુર તરફથી નવચંડી હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે શ્રી સંકેતભાઈ અશોકભાઈ મોદી, શ્રીમતી ધનવંતીબેન સંકેતભાઈ મોદી, શ્રી કેવીનભાઈ અશોકભાઈ મોદી, શ્રી ધ્રુવીલભાઈ જીતેન્દ્રભાઈ મોદી તથા તેમના પરીવારના ૨૫ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૮) ચૈત્ર વદ–૧૦ તા.૧૬–૦૪–૨૦૨૩ના રોજ શ્રી કેતનભાઈ પ્રવિણચંદ્ર પરીખ, પાટણ તરફથી સાદો હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે શ્રી કેતનભાઈ પ્રવિણચંદ્ર પરીખ, શ્રીમતી બેલાબેન કેતનભાઈ પરીખ તથા તેમના પરીવારના ૦૬ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

(૯) શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ, જુનાડીસા આયોજીત સાતમાં અનાજ અને ખાદ્ય સામગ્રીની ૩૦૦ થી વધુ કીટોનું નિઃશુલ્ક વિતરણ ઢુવા, વાસણા ખને સમૌ ગામોમાં કરવામાં આવ્યુ હતુ.

ડીસા તાલુકાના જુનાડીસા ગામ ખાતે આવેલ શ્રી સિધ્ધાંબિકા માતાજીનાં મંદિર ટ્રસ્ટ અને શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘના ઉપક્રમે તા.૨૨/૦૪/૨૦૨૩ અને તા.૨૩/૦૪/૨૦૨૩ના રોજ ઢુવા,વાસણા અને સમૌ ગામોમાં વિધવાઓ બહેનોને ખાદ્ય સામગ્રીનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતું. આ ખાદ્ય સામગ્રીના દાતાશ્રી ભારતીબેન નટવરલાલ શાહ, માલતીબેન નટવરલાલ શાહ તથા સંઘના ઉપપ્રમુખ ટ્રસ્ટી શ્રી વિજયભાઈ નટવરલાલ શાહ પરિવાર દ્વારા કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘના પ્રમુખ શ્રી શૈલેષભાઈ શાહ, ચેરમેન એમીરેટ્સ શ્રી રજનીભાઈ પરીખ, મંત્રી શ્રી કમલેશભાઈ પરીખ, ખજાનચી શ્રી કેતનભાઈ પરીખ, પ્રોજેકટ કન્વીનર શ્રી નરેન્દ્રભાઈ શાહ, ટ્રસ્ટશ્રી નવીનભાઈ ગાંધી, શ્રી પીયુષભાઈ પરીખ, શ્રી અનુપભાઈ શાહ, શ્રી ગોપાલભાઈ શાહ... સર્વે ટ્રસ્ટીઓ સહપરિવાર તથા આમંત્રિત ટ્રસ્ટી કેલાસબેન શેઠ, શ્રીમતી આશ્લેષાબેન પરીખ અને ઢુવા ગામના સરપંચ ગુલાબજી ઠાકોર અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. દાતાશ્રી પરિવાર દ્વારા ૧૫૦ ખાદ્ય સામગ્રીની કીટનું ઢુવા ગામે વિતરણ કરવામાં આવ્યુ હતું. આ જ રીતે વાસણા ગામમાં પણ ૧૫૦ કીટ ખાદ્ય સામગ્રી અને ૧૫ કીટ સમૌ ગામમાં વિધવા બહેનોને વિતરણ કરવામાં આવ્યુ હતું.

(૧૦) વૈશાખ સુદ–૬ તા.૨૬–૦૪–૨૦૨૩ના રોજ શ્રી ઓમપ્રકાશ નારણદાસ દેસાઈ, મુંન્દી તરફથી સાદો હવન કરવામાં આવેલ હતો. આ હવનમાં યજમાન તરીકે શ્રી ઓમપ્રકાશ નારણદાસ દેસાઈ, શ્રી શંકરલાલ કૃષ્ણદાસ દેસાઈ તથા તેમના પરીવારના ૦૩ સભ્યોએ દર્શન, પૂજન તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ હતો.

**શ્રી સિધ્ધાંબિકા દિશાવાળ સંઘ,જુનાડીસા**

**બેંક ઓફ બરોડા** – અમદાવાદ ખાતા નંબર : **10020100018877**

**IFSC CODE : BARB0NEWCLO** (FIFTH LETTER ZERO)


**દાતાશ્રીઓને નમ્ર વિનંતી કે માતાજીના બેંક ખાતામાં કોઈપણ રકમ જમા કરાવ્યા બાદ જો સંસ્થાને લેખિત જાણ કરવામાં નહી આવે તો તમારા દાનની રકમની પહોંચ તમારા સુધી સમયસર પહોચશે નહી અને અંકમાં પ્રસારીત પણ થશે નહી**

# PASHŪPATI

GROWTH WITH VISION

An organization where innovation, dedication, & optimism converge into **SUCCESS...**

PASHŪPATI



TEXTILE

**PASHUPATI COTSPIN LIMITED**

- Ginning • Oil Mill • Delinting • Spinning • TFO

**PASHUPATI TEXSPIN EXPORT LLP**

- Weaving • Technical Textile • Exporter of all cotton products

- Warehouses (3.5 lac sq.ft.) • Solar Roof Top (2.7MW)

uniza™



PHARMACEUTICAL

INDIA Business

**UNIZA HEALTHCARE LLP**

- Dermatology • Cardiology & Diabetology
- Respiratory • Obstetrics & Gynaecology

International Business and Manufacturing

**UNIZA LIFECARE PRIVATE LIMITED**

- Tablets • Capsules • Creams • Gels
- Ointments & External Liquid Forms

श्री Hotel WELCOME



HOSPITALITY

- 38 well furnished AC rooms
- Sanskruti, Water Dine Restaurant
- Cafe • Conference room
- Banquet (upto 1000 guests capacity)

O : D-707, Ganesh Meridian, Opp. Gujarat High Court, S.G.highway, Ahmedabad-380060
F : Kadi-Detroj road, Balasar, Ta : Kadi-384440, Gujarat, India
W : www.pashupatigroup.in • www.unizagroup.com • www.hotelwelcome.in

RNI No. GUJGUJ/2002/7890

Date of Publication : 25th of EVERY MONTH



POSTAL REG. NO. GUJ / 524 / 2021 - 23 VALID UPTO 31-12-2023
POSTED AT P.S.O. AHD.-2 ON 28TH OF EVERY MONTH

# શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ આયોજીત

## સુંદર સામાજિક કોમેડી નાટક

**(તા. ૨૦-૦૬-૨૦૨૩, મંગળવાર (રથયાત્રા), રાત્રે ૮.૩૦ કલાકે - ટાગોર હોલ, પાલડી)**




સભાસદ ભાઈઓ-બહેનો,

નાટકના પાસ તા. ૧૨-૦૬-૨૦૨૩ સોમવાર થી તા. ૧૩-૦૬-૨૦૨૩ મંગળવારના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન સમાજની ઓફિસ **"રસિકલાલ રંગવાલા સદન"-૫, પહેલો માળ, વાલ્મિક કોમ્પલેક્ષ, કાલુપુર બેંકની સામે, પરિમલ ગાર્ડન, અમદાવાદ** થી મેળવી લેવા.

પાસના દર :- **રૂા. ૧૦૦/-, રૂા. ૭૦/- અને રૂા. ૫૦/-**

ખાસ નોંધ :

(૧) સભ્ય દીઠ વધુમાં વધુ ચાર પાસ વહેલા તે પહેલાંના ધોરણે આપવામાં આવશે.
(૨) પાસ લેવા આવો ત્યારે સભ્ય નંબર અવશ્ય લાવવો.
(૩) નાટકના કાર્યક્રમમાં સભ્યોને સમયસર આવવા વિનંતી છે.

**દેવાંગ પી. દેસાઇ**
પ્રમુખ

**દીપક સી. શાહ**
મંત્રી

From :
**SHRI AHMEDABAD DISHAWAL SAMAJ**
Ojas Bhavan, Opp. State Bank of India,
Astodia Road, AHMEDABAD - 380 001.
Phone : 079 - 2214 6803

To,

• EDITOR : SHRI DEVANG PRAVINCHADRA DESAI
• OWNER : SHRI AHMEDABAD DISHAWAL SAMAJ
• PUBLISHER & PRINTERS : SHRI JAGDISHBHAI S. SHAH Email : dishawalsaurabh@yahoo.com
• Printed At : OJAS PRINTERS & STAT., Ojas Bhavan, Opp. State Bank of India, Astodia Road, AHMEDABAD - 380 001.